Name : Kunjan Thakkar, Course : MA. Education Year : 2021-22

Title of Research : A STUDY OF THE KUTCH KALYAN SANGH, GANDHIDHAM

કચ્છ કલ્યાણ સંઘ, ગાંધીધામ- એક અભ્યાસ

**શોધ સારાંશ:**

ગુજરાતના પશ્ચિમ દિશામાં આવેલ એક નગર ગાંધીધામમાં ભારતીય શિક્ષણ પદ્ધતિના એક નવિનતમ પ્રયોગ એટલે કે કચ્છ કલ્યાણ સંઘ દ્વારા સંચાલિત અને વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષણ સંસ્થાન સાથે સબંધ વિદ્યાભરતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી સહયોગ સરસ્વતી શિશુ/વિદ્યામંદિરનો વ્યક્તિ અભ્યાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસના હેતુઓ અને તેને અનુરૂપ પ્રશ્નો રચવામાં આવ્યા હતા. પ્રશ્નાવલી, મુલાકાત, અને અવલોકનો આધારિત માહિતી એકત્રિત કરવામાં આવી હતી. ભારતીય ચિંતન પ્રમાણે જન્મ પૂર્વેથી લઈ ધોરણ ૧૨ સુધીની નમૂનારૂપ શિક્ષણ વ્યવસ્થાનું સુંદર સંકુલ છે. સ્થાનિક કમીટ દ્વારા ઉત્તમ વ્યવસ્થાઓ, પ્રશિક્ષિત શિક્ષકો દ્વારા શ્રેષ્ટ શિક્ષણ વિદ્યાભારતી દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

**અભ્યાસના હેતુઓ**

કચ્છ કલ્યાણ સંઘના વહીવટી પાસાઓની, ભૌતિક, શૈક્ષણિક બાબતો , સહઅભ્યાસિક, સામાજિક ECCE કેન્દ્રની પ્રવૃત્તિઓ જેવી બાબતો સંદર્ભે કચ્છ કલ્યાણ સંઘનો અભ્યાસ કરવો

અભ્યાસના તારણો

કચ્છ કલ્યાણ સંઘની સ્થાપના ગુણવત્તા સભર શિક્ષણ, ભાર વગરનું શિક્ષણ, રાષ્ટ્રલક્ષી તેમજ સામાજિક દાયિત્વના કર્તવ્યરૂપે શરૂ કરવામાં આવેલ હતી.

કચ્છ કલ્યાણ સંઘ દ્વારા પ્રથમ શિશુવાટિકાની 1993માં સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ 2008માં સમર્થ ભારત ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંસ્કાર કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. તેમજ 2021માં શિક્ષણ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. એન.ઈ.પી. 2020માં મુજબ ઇસીસીઈ સેન્ટર અને સમગ્ર વિકાસ અભ્યાસક્રમનું અમલ થઇ રહ્યું હતું.

સમર્થ ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંસ્કાર કેન્દ્ર અંતર્ગત તેની તમામ સુવિધાઓ પંચકર્મ, ગર્ભિણી પરિચર્યા, શિશુ પરામર્શન વગેરેનુ વ્યવસ્થાપન ખૂબ સારી રીતે ચાલતું હતું.

આ ઉપરાંત શિક્ષણ પ્રશિક્ષણ તેમજ સંશોધન સુધીના તમામ પ્રકલ્પો ચલાવી રહ્યા હતા. કચ્છ કલ્યાણ સંઘ દ્વારા અપાતું શિક્ષણ એ ગુણવત્તાલક્ષી તેમજ રોજગારલક્ષી હતી.

સંસ્થાની ભૌતિક સગવડો

સંસ્થામાં શૌચાલય, બાથરૂમ, પાણી, વર્ગખંડો, પ્રાર્થના હોલ, રમતનું મેદાન, તેમજ આધુનિક સુવિધાઓ જોવા મળી હતી. વિશિષ્ટ ભૌતિક સગવડો જેવીકે વિશાળકાય હાથી વાળો પ્રવેશદ્વાર, પેટ્રોલ પંપ, ઢીંગલી ઘર, બસ સ્ટેન્ડ, ઘર વગેરે જેવા નમૂનાઓના કારણે બાળકોની જિજ્ઞાસવૃતિ તેમજ કલ્પના શક્તિમાં વધારો થતો હોય તેવું જોવા મળ્યું હતું. શિશુવાટિકાનુ પ્રવેશ દ્વાર વિશિષ્ટ પ્રકારનું ખૂબ મોટા હાથી સ્વરૂપનું બનાવવામાં આવ્યું હતું. આથી શિશુઓ ખૂબ આનંદ સાથે શાળામાં પ્રવેશ કરતાં હતા. નાનું સરસ્વતી અને ભારત માતાનું મંદિર બનાવેલું હતું.

કચ્છ કલ્યાણ સંઘની શૈક્ષણિક માહિતી

ઉત્તમ શિક્ષકો મળે તે હેતુથી શિક્ષકોની ભરતી, પગાર, બળતી સાથે તેમના લાભાર્થે ચોક્કસ નિયમો નક્કી કરવામાં આવેલા હતા. પૂર્વ છાત્રોને શિક્ષકોની ભરતીમાં પ્રાધાન્ય આપવામાં આવે છે. જો કે સંસ્થામાં અનુસ્નાતક શિક્ષકોનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.

શિક્ષક પ્રશિક્ષણ, વર્ગખંડ શિક્ષણ અને મૂલ્યાંકન માટે વિદ્યાભારતીના માર્ગદર્શન મુજબ ઉત્તમ વ્યવસ્થાઓ ગોઠવેલી હતી. આચાર્યો માટે વિવિધ તાલીમનું આયોજન જોગવાઈ હતી. વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ માટે બાલિકાઓ અને બાળકો બંને માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હતી.

સંસ્થાનુ છેલ્લા પાંચ વર્ષનું એસ.એસ.સી.નું શાળાકીય પરિણામ જોતા ધ્યાનમાં આવે છે કે તેમાં ઉત્તરોત્તર દર વર્ષે ઘટાડો થતો જોવા મળ્યો હતો. તેમજ એચ.એસ.સી.ના પરિણામમાં ઉતરોતર વધારો થતો જોવા મળ્યો હતો.

કચ્છ કલ્યાણ સંઘની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની માહિતી

સંસ્થા દ્વારા ખૂબ જ સુઆયોજિત પ્રાર્થના સભા, વિદ્યાર્થીના બુદ્ધિ વિકાસ માટે પઝલ, સ્પર્ધાઓ, પ્રોજેક્ટ, ડિબેટ, શૈક્ષણિક તેમજ બૌદ્ધિક વિકાસની સાથે તેના શારીરિક વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ રમતો, વિજ્ઞાન મેળા, પુસ્તક મેળા, પ્રવાસ પર્યટનોનું પૂરતા પ્રમાણમાં આયોજન કરવામાં આવે છે.

કચ્છ કલ્યાણ સંઘની સામાજિક અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓની માહિતી

સમાજ કલ્યાણ તેમજ જનજાગૃતિ માટેના વર્ષ દરમિયાન વિવિધ આયોજન કરવામાં આવતા હોય છે. જેમાં બાળશિક્ષણ, તરુણાવસ્થાના પ્રશ્નો, ગર્ભાવસ્થાની સમસ્યા, પારિવારિક પ્રશ્નો વગેરે જેવા વિવિધ વિષયો સાથે ગોષ્ઠી, પ્રદર્શન, ચર્ચા, તજજ્ઞો દ્વારા પ્રવચન વગેરેનું આયોજન કરવામાં આવતું હતું. નાગભૂમિ (નાગાલેન્ડ) સેવાનિધિ તથા મુષ્ઠીધાન યોજના જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા બાળકોમાં રાષ્ટ્રીય એકતાની ભાવના જાગૃત થાય તેમજ સમગ્ર રાષ્ટ્રએક પરિવાર છે તેવી ભાવનાનો વિકાસ થાય છે.

અરુણ અને ઉદય વર્ગોમાં ક્રમશઃ 41 અને 51 શિશુઓની સંખ્યા હતી જે ખૂબ ઘણી કહેવાય.શાળાના તમામ વિદ્યાર્થીઓની કક્ષા દીઠ સંખ્યા જોવામાં આવે તો જેમ જેમ ઉપલા વર્ગોમાં જઈએ તેમ સંખ્યા ઘટતી નજર આવતી હતી.